૭૩૬૯ 158 ૧। 157

# વીઠ્ઠલ વિરહ.

છપાવી પ્રસિદ્ધ [illegible]ઇ પટેલ.
ચ[illegible] વસો.

અમદાવાદ "આર્યોદય" પ્રેસ.

સને ૧૮૯૧ — સંવત ૧૯૪૭.

કીંમત ૦—૦—૩.

૪૭૬૯ પ્રિય મિત્ર.

# વીઠલ વિરહ.

## લલિત વૃત.

અરરર ઈશ આ કોપ શો કર્યો, પરમ પ્રીયનો પ્રાણ તો હર્યો;
દિલ દયા તમે રાખી ના હરી, દિન પરે કઇ મેર ના કરી. ૧
સુજ્ઞવસો મહી, મિત્ર માહરો, લલ્લુભાઇ તણો સુતરે ખરો;
વિઠ્ઠલભા તો રે ગુણી ગયો, મુજ થકી જુદો આજ એ થયો. ૨
ખરરર આંસુંડાં, આંખથી ખરે, વગર મોતથી સૌ ઝુરી મરે;
કઠણ કાળજું હાય તુંજ તણું, પણ અભાગિ હું આજથી ભણું. ૩
મરણ બંધના કેમ કહે થયું, અમૂલ્ય રત્ન તો રે ખરી ગયું;
સુખ કદી નહીં દીઠું તેં ભઇ, અફસુસ જોડ તો મારી આ ગઇ. ૪
ઉમ્મર સોળ કે સત્તરની મહીં, ખલકમાં તને શું ગમ્યું નહીં;
તરત છોડીને ચાલતો થયો, વખત ક્રૂર આ કયાંથી આવિયો. ૫
ધરણી માત શું દોષ જાણીયો, અધિક આ તમે રોષ આણિયો;
વગર મોતથી મીત્ર આ મરે, દિલ વિષે દયા ના પ્રભૂ ધરે. ૬

## શિખરિણી છંદ.

ગુણી જ્ઞાની મારા, પરમ પ્રિય કયાં ખોળુંહું તને,

સુણી તારી પ્રીતી, દુખ અધિકું વ્યાપે અતિ મને.
ભુલું નાહી તારા, મુજ પર થયા જે ગુણ ઘણા;
વિચારૂં શું આજે, સરસ સુખ આપી કીધિ મણા. ૧
સદા સારી રીતી, પ્રિતિ અધિક દેતો નિતી તણી;
બધી ખોડો મારી, શિખ અતિ દેઈ તેં તવ હણી.
હજી આશા તારી, હરખ મન લાવી પ્રીય મળે;
અતી પીડા ભારી, તરત મળવાથી ઝટ ટળે. ૨

## રાગ વૈદરભીનો.

મિત્ર મારા આ તેં શું કર્યું, મુક્યો વિયોગે આંય;
હૃદય ફાટી મુજ જાય છે, હવે ખોળું હું ક્યાંય.
મીત્ર મારા આતે શું કર્યું.
નિતી રીતી અને પ્રીતીમાં, પૂર્ણ પોચેલ આજ,
તેતો તુરે મારે ગયો, પુછીશ કોને કાજ. મીત્ર મારા૦
ફાગણુ માસમાં હોળીના દીન સારા ગણાય;
તે તું જવે બંધુ મુજને, દુઃખ રૂપી જણાય. મીત્ર મારા૦
ફાગણુ શુદી પુર્ણીમા દિને, લડાઈ થાય છે આંય;
પ્રેમે ગયો મીત્ર માહરા, તુંતો લડવાને ત્યાંય. મીત્ર મારા૦
અગાડી સૌથી તુંતો ખરો, બાહાદુર બળમાં પૂર;
તે વખતે ઝાઝું વ્યાપીયું, ખરે તુજનેજ શુર. મીત્ર મારા૦
લડતાં રહ્યા દીન પાછલો, માણુસ હજારો માંય;

ખોળવા માંડયો તુજને, પણ જડયો નહીં કયાંય. મીત્ર મારા૦
એવામાં ગોળો ગેબી ભઇ, વાગ્યો તુજ પેટ માંય,
ભગરી ખઇને રણ વીષે, ગભરઇ પડો ત્યાંય મીત્ર મારા૦
લોક જોવા ગળ્યા એકઠા, કોને વાગ્યુંજ આજ;
બંધુ પડેલો જોઇને, બન્યો હું ના ઇલાજ. મીત્ર મારા૦
જલદી લીધો ઘેર તુજને, ઉપાય યોજ્યા અપાર;
પણ છેવટ તે નીથ્યા ગયા, મળ્યો નહીં કંઇ સાર. મીત્ર મારા૦
વાગ્યો ગોળો જ્યારથી તને, કર્યું બોલવૂં બંધ;
તુજ વિયોગે મીત્ર આ, કહે કરશે શું અંધ. મીત્ર મારા૦
કાળ કપટીએ કુડો કરો, સત્તાવીસાંમે એ કેર.
શું બાઇ હતું પેલા ભવતણું, તારે ને મારે વેર. મીત્ર મારા૦
માર્ચ મહીના ફાગણ વળી, સુડતાળીશની શાલ;
વળી બીજે પાંચ વાગતાં, બન્યો હાલ બે હાલ. મીત્ર મારા૦
સ્વર્ગ ગયો તું તો શોખમાં, પણ હું રડું મુકી પોક;
હાહાકાર વસો માહી, દીલગીર થયા છે લોક. મીત્ર મારા૦
કઠણ કાળજું મારૂં ક્રૂર છે, પણ દેખી ના ખમાય;
અભાગી જીવડો મારો આ, હાય હાય ન જાય. મીત્ર મારા૦
ભાગ સારો લેઇ તું ગયો, તજી પૂરણ પ્રીત;
ના હોય આ લાયકી તણી, શાણા તમારી રીત. મીત્ર મારા૦
વેમાનમાં શબ તાહરૂં, બધા લેઇને જાય;
ઢગઢાં બોલશે મીત્ર તો એમ ગનગાંજ થાય. મીત્ર મારા૦

પણ ખોદયો નહી બંધવા, કર્યું અઘટીત કામ;
આજ ઉડી ગઈ માહરી સર્વ મનનીજ હામ. મીત્ર મારા૦
હાય સહાય કરી મુજને, ઘણીવાર તેં ભાઈ;
બંધુ હકમાં તારી તો, મુને હતી નવાઇ. મીત્ર મારા૦
હીંમતમાં હારૂં જાહરે, આપતો મુને ધીર;
ફરી ફરીને હવે મુજને, ક્યારે મળાશો વીર. મીત્ર મારા૦
મુજ રૂદન તો કશું નથી, રૂવે બંધુ ને માત;
આની સમજાવો તેમને, ભાગો મન તણી ભ્રાંત. મીત્ર મારા૦
તેમને રોતાં તો જોઈને, કરે ભમની કલ્પાંત;
ગંગારૂપી પ્યારી તારીને, કોણ પાડશે શાંત. મીત્ર મારા૦
વળી પુત્ર નાનો વર્ષનો, આટલું તજી જાય;
ઇશ્વરને ઘેર કંઈ નથી, આ ઉપરથી તો ન્યાય. મીત્ર મારા૦
પામ શોકની કાળી ઘરી, જાણી દીલગીરી મીત્ર,
સુઝતું નથી કાંઇ મુજને, તુજ વીનાનું ચીત્ર. મીત્ર મારા૦
રે રે મળવાનો હવે નથી, જાણી દુનિયાંની રીત;
દાસે ઠાલી આ કરી ગયો, પ્રીયભાઈ તું પ્રીત. મીત્ર મારા૦
આ દુનીયા ફના જાણીને, જોઈને ફંડો લાગ;
ચાલ્યો ગયો તુતો એકલો, અહી ડશે કાળા નાગ. મીત્ર મારા૦
નાગ ડશે હાત જો મને, તોપણ સુખ કંઇક થાત;
હાથ અહીં આપણે બન્ને, અહીંથી સાથેજ જાત. મીત્ર મારા૦
ડંશ ઊતરાવ્યો ઉતરે નહીં, [illegible] આતી [illegible];



'ર થર કંપે મુજ દેહડી, ક્યારે દેખીશ મુખ. ગીત્ર મારા૦
જીવતાં દેખવાનો નથી તને, મરણું મોડું વેલું થાય; . .
ભલી જગા મારે માટ તો, તુંજ જોડે રખાય. ગીત્ર મારા૦
ફરતા જોડે જોડે બેસતા, તેવું રાખજો ત્યાંય;
સ્વર્ગના સુખને મુકીને, હું રહ્યો અંધ આંય. ગીત્ર મારા૦

(રાગ મહીનાનો.)

ઓધવજી સંદેશો કેજો શામને,

હે ગીત્ર મારા, આ વેળા તું ક્યાં ગયો;
મુકી મુજને એકલડો તું આંય જો.
તુજ વી... ...રૂપી બની;
... ...ય જો.

૯

દોસ્ત આપો તો એવો પ્રભુ મુને આપજો;
પણ નવ લેઇ લેશો જલદીથી નાથ જો.
ત્યાં ખપ હોયે દયાળું કર્મુ અમ તણો,
કર્ત્તા ઇશ્વર લેજો બંન્ને સાથજો.        હે ગીત્ર૦

